ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૦૯/૨૨–૨૩/ 842 તારીખ : 02 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.રૂતુ ઓવરસીઝ,**
**પહેલો માળ, શ્રીજી શોપીંગ સેન્ટર,**
**વોડાફોન સ્ટોર સામે,**
**એમ.પી.શાહ કોલેજ રોડ,**
**સુરેન્દ્રનગર.**

કેસ નં.૧૦૯/૨૨–૨૩

**મો.નં–૦૨૭૫૨ ૨૨૩૨૭૭/૯૮૯૮૧૩૨૩૧૦**

**વિષય : સ્લોનેસ નું બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૨૨–૨૩/e-૬૮૭ તા.૨૭/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૨૨–૨૩/e-૭૨૧ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૦૯/૨૨–૨૩</u>** ☜

વાદી :– **મે.રૂતુ ઓવરસીઝ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૭/૦૪/૨૦૨૩</u>** ◈

વાદી :– **શ્રી દલપતભાઈ ભીખુભાઈ કાવર (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી કે.એન.વાઘેલા, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.રૂતુ ઓવરસીઝ. મું.સુરેન્દ્રનગર, જી. સુરેન્દ્રનગરની સ્લોનેસનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૯/૨૨–૨૩/e-૬૮૭ તા.૨૭/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૭/૦૪/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.રૂતુ ઓવરસીઝ વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી દલપણભાઈ ભીખુભાઈ કાવર હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.એન.વાઘેલા, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ We are having LT connection in the name of RUTU OVERSEAS(Consumer No. 25310007830) for which connection was checked on 30.09.2022 and we got letter for slowness bill (letter dated 24.01.2023 ref no.2424) of Rs 92,703/15 and it is added as theft arrear in the month of February bill and our connection was cut by DHRANGADHRA RURAL DIVISION. We have paid slowness bill with objection and we have given letter to DHRANGADHRA RURAL DIVISION regarding the same.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ They have changed our meter on 30.09.2022 and we have been called once over telephone verbally for laboratory testing of meter but any of our partners was not present so we are not able to present on first call. We have not been given second opportunity verbally or by latter and they have tested meter on their own declaring ex party checking without any of our representative present on that day. Moreover there is no tempering of meter on our side and seal of meter is found safe and correct it is also written in MIR copy. LT connection has to be checked every six months but we have been given slowness bill from 02.10.2020 for 2 years. Our factory was closed during that period most of time due to COVID and it is technical fault of meter so we are not liable to theft arrear we have not tempered meter nor any technical fault from our side. There is problem in the meter inside the meter how can we temper the meter as seal was not broken. We have to pay all arrears as our connection was cut and we are forced to pay every day due to march ending. Please look into the matter and kindly give us proper justice and refund the slowness bill. We have attached all documents for reference as per enclosed list. Thanking you.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મે. ઋતુ ઓવરસીઝ, શૈલેષભાઈ ભીખાભાઈ કવર કેનાલ રોડ, ભરડા ઔધોગીક વિજ જોડાણ ગ્રાહક નં–૨૫૩૧૦૦૦૭૮૩૦ ધ્રાંગધ્રા ની ઉપરોકત કેસ નં–૧૦૯/૨૨–૨૩ ની અરજીમાં સ્લોનેસની રકમનું બિલ બાબતની ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગરને અરજી કરેલ. જે બિલ આઈ.સી. સ્કવોડ દ્વારા ચેકીંગ થયેલ હતું. જેનું મીટર લેબમાં તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ ઋતુ ઓવરસીઝ ના પાર્ટનરની હાજરીમાં ખોલવામાં આવેલ હતું. જે મીટર ખોલતા તા.૦૨/૧૦/૨૦૨૦ ૪૩.૩૮ % સ્લોનેસ હતું. જે મુજબનું બિલ રકમ રૂા.૯૨,૭૦૩/૧૫ નું બિલ નાયબ ઈજનેરશ્રી, રૂરલ પેટા વિભાગીય દ્વારા ગ્રાહકને તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ કંપનીના નિયમ મુજબ બિલ આપવામાં આવેલ હતું. જે તેમના દ્વારા તા.૧૫/૦૩/૨૦૨૨ ના રોજ વાંધા સાથે સદર રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ. જે કંપનીના નિયમ મુજબ બરાબર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.ઋતુ ઓવરસીઝ, ગ્રાહક નં.૨૫૩૧૦/૦૦૭૮૩/૦ થી ભરાદા તા.ધ્રાગંધ્રા ખાતે LTMD કનેકશન ધરાવે છે તથા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તેમના તા.૨૪.૦૯.૨૦૨૩ ના પત્ર થી તેમના ખાતે સ્લોનેસના ઉધારવા માં આવેલ રૂા.૯૨,૭૦૩/૧૫ ને લઈને વીવાદ ઉપસ્થીત થતા ફોરમને રજુઆત કરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૨ આજરોજ તા.૧૭.૦૪.૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં બન્ને પક્ષો હાજર છે. તથા તેમની રજુઆતો કરેલ છે.

૩.૩ વાદીનું વીજ જોડાણ તા.૨૪.૦૩.૨૦૧૭ના રોજ ચાલુ કરવામાં આવેલ હતું. નિયમોનુસાર તમામ વીજ જોડાણોની નિશ્ચિત સમયાંતરે વીજ ચકાસણી કરવાની હોય છે પરંતુ આ વીજ જોડાણ ના કિસ્સામાં તા. ૨૪.૦૩.૨૦૧૭ થી તા. ૨૯.૦૯.૨૦૨૨ સુધી કોઈ ચકાસણીકરવામાં આવી હોત તો આ સ્લોનેસ વહેલા જાણી શકાઈ હોત આ બાબત પીજીવીસીએલની બેદરકારી દર્શાવે છે. જેના કારણે બને પક્ષે નુકશાન થયેલ હોવાનું ફોરમનું મંતવ્ય છે.

૩.૪ રજુ થયેલ રેકર્ડ મુજબ પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ સ્લોનેસ ના બીલમાં તા.૦૨.૧૦.૨૦૨૦ થી તા.૩૦. ૦૯.૨૦૨૨ સુધીના સમયગાળા ને આવરી લઈને ૪૩.૬૮ % સ્લોનેસની રકમ ઉધારવામાં આવેલ છે. આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ સ્લોનેસના બીલ ની ગણત્રી GERC ના સપ્લાય કોડ કરતાં વધુ સમયની છે. GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં–૪/૨૦૦૫ નાં કલોઝ નં–૬.૩૩ મુજબ સ્લોનેસ ના કેસમાં પ્રતિવાદી વધુમાં વધુ ૬ માસ ના સમયગાળાના સ્લોનેસની રકમ વસુલી શકે છે.

૩.૫ આથી, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદી ને આપેલ રૂા.૯૨,૭૦૩/૧૫ નું સ્લોનેસનું બીલ રદ કરવું અને જે તારીખે ડીફેકટ ડેવલપ થઈ છે, ત્યારથી ૬ માસના સમયગાળાની સ્લોનેસની ગણતરી કરી અગાઉ આપેલ બીલ સુધારવું અને વધારાની ભરપાઈ કરેલ રકમ બીલ માં જમા આપવી. તેમજ પ્રતિવાદી દ્વારા તમામ વીજ જોડાણો નિયમિત ચકાસણી કરવામાં આવે તે માટે પૂરી તકેદારી રાખવી જેથી આ મુજબના કેસ નિવારી શકાય.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૧૭/૦૪/૨૦૨૩.